# સુરત શહેરી વિકાસ સત્તામંડળ

# અધિસૂચના

## નગર રચના યોજના નં. ૪૩(ભીમરાડ): સુડા, સુરતનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા અંગે

આથી જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત નગર આયોજના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ અને નિયમો ૧૯૭૯ હેઠળ નગર રચના યોજના નં. ૪૩(ભીમરાડ): સુડા: સુરતના મુસદ્દાની દરખાસ્તો તૈયાર કરવામાં આવી છે. સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૬-૦૪-૨૦૦૫ના ઠરાવ નં. ૨૩૭૬ (૭)થી મુસદ્દારૂપ નગર રચના યોજના કરવાનો ઈરાદો જાહેર કર્યા પછી સદર યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજૂરી માટે સાદર કરવાની આગળની નિયમો અનુસારની જરૂરી તમામ કાર્યવાહી કરવા માટે 'સુડા'ના મુખ્ય કારોબારી અધિકારીશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવેલ છે, આ નિયમો અનુસારની કાર્યવાહીમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ- ૪૨ હેઠળ અને તેના નિયમો ૧૯૭૯ના નિયમ- ૧૮ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજનાને પ્રસિધ્ધ કરવાની કાર્યવાહીનો સમાવેશ થઈ જાય છે. ઉક્ત નગર રચના યોજનાની હદો નીચે મુજબ છે.

**ચતુઃસીમા:-**

**નગર રચના યોજના નં. ૪૩(ભીમરાડ) : સુડા: સુરત.**

**ઉત્તરે:** સુરત મહાનગરપાલિકા વિસ્તાર, નગર રચના યોજના નં. ૩૭ (અલથાણ).

**દક્ષિણે:** મોજે ભીમરાડના બ્લોક નં. ૧૫૨ અને ૧૯૬ની જમીનો.

**પૂર્વે:** ખાડી.

**પશ્ચિમે:** સુરત- ખજોદનો હયાત રસ્તો.

આ યોજનાના મુસદ્દાની નકલ જાહેર જનતાને જોવા સારૂં સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી ''સુડા ભવન'', કલેક્ટર કચેરીની બાજુમાં, નાનપુરા, સુરતના સરનામે કચેરીના કામકાજના સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

યોજનાના મુસદ્દાની આ દરખાસ્તોથી અસર પામનાર કોઈપણ વ્યક્તિએ તેના વાંધા આ નોટિસ સરકારી રાજ્ય પત્રમાં જાહેર થયેથી એક મહિનાની અંદર લેખિત સ્વરૂપે સુરત શહેરી વિકાસ સત્તામંડળને રજુ કરવા.

સુરત શહેરી વિકાસ સત્તામંડળ આ યોજનાનો મુસદ્દો રાજ્ય સરકારને મંજૂરી માટે મોકલે તે પહેલા આ વાંધા અને સૂચનોની તેના ગુણદોષ પર વિચારણા કરશે.

**મહેન્દ્ર પટેલ**
**મુખ્ય કારોબારી અધિકારી**
**સુરત શહેરી વિકાસ સત્તામંડળ,**
**સુરત.**

**નંબર- માહિતી- સુરત- ૫૮૧/૦૫**

સંદેશ - ૩૦/૨૨/૦૫

# સુરત શહેરી વિકાસ સત્તામંડળ

## અભિસૂચન

**નગર રચના યોજના નં. ૪૩ (ભીમરાડ) : સુડા, સુરતનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા અંગે.**

આથી જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત નગર આયોજના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અને નિયમો ૧૯૭૯ હેઠળ નગર રચના યોજના નં. ૪૩ (ભીમરાડ) તા. સુડા : સુરતના મુસદ્દાની દરખાસ્તો તૈયાર કરવામાં આવી છે, સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૬/૦૪/૨૦૦૫ ના ઠરાવ નં. ૨૩૭૬(૭) થી મુસદ્દારૂપ નગર રચના યોજના કરવાનો ઈરાદો જાહેર કર્યા પછી સદર યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજૂરી માટે સાદર કરવાની આગળની નિયમો અનુસારની જરૂરી તમામ કાર્યવાહી કરવા માટે 'સુડા'ના મુખ્ય કારોબારી અધિકારીશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવેલ છે, આ નિયમો અનુસારની કાર્યવાહીમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ-૪૨ હેઠળ અને તેના નિયમો ૧૯૭૯ ના નિયમ-૧૮ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજનાને પ્રસિધ્ધ કરવાની કાર્યવાહીનો સમાવેશ થઈ જાય છે. ઉક્ત નગર રચના યોજનાની હદો નીચે મુજબ છે.

ચતુઃસીમા :-

<u>નગર રચના યોજના નં. ૪૩ (ભીમરાડ) : સુડા : સુરત.</u>

ઉત્તરે : સુરત મહાનગર પાલિકા વિસ્તાર, નગર રચના યોજના નં. ૩૭ (અલથાણ).

દક્ષિણે : મોજે ભીમરાડના બ્લોક નં. ૧૫૨ અને ૧૯૬ની જમીનો.

પૂર્વે : ખાડી.

પશ્ચિમે : સુરત-મગદલ્લાનો હયાત રસ્તો.

આ યોજનાના મુસદ્દાની નકલ જાહેર જનતાને જોવા સારૂં સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી "સુડાભવન", કલેક્ટર કચેરીની બાજુમાં, નાનપુરા, સુરતના સરનામે કચેરીના કામકાજના સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

યોજનાના મુસદ્દાની આ દરખાસ્તોથી અસર પામનાર કોઈપણ વ્યક્તિએ તેના વાંધા આ નોટિસ સરકારી રાજ્ય પત્રમાં જાહેર થયેથી એક મહિનાની અંદર લેખિત સ્વરૂપે સુરત શહેરી વિકાસ સત્તામંડળને રજૂ કરવા.

સુરત શહેરી વિકાસ સત્તામંડળના યોજનાનો મુસદ્દો રાજ્ય સરકારને મંજૂરી માટે મોકલે તે પહેલા આ વાંધા અને સૂચનોની તેના ગુણદોષ પર વિચારણા કરશે.

મહેન્દ્ર પટેલ
મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

નંબર-માહિતી-સુરત-૫૮૧/૦૫

દાળકાર તા.- ૩૦-૧૨-૦૫
શુક્રવાર